**અમદાવાદ મહે. ૬ઠ્ઠા એડી.સીવીલ જજ અને જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રી કોર્ટમાં, મીરઝાપુર (ગ્રામ્ય) અમદાવાદ.**

**<u>ફોજદારી કેસ નં.૧૩૨૧૬/૨૦૨૩</u>**
**આંક–**

**ફરિયાદીઃ– શ્રી સરકાર**
**વિરૂધ્ધ**

**આરોપીઃ– રામદેવ શંકરલાલ ચૌહાણ**

**ફરિયાદી તર્ફે એ.પી.પી.શ્રી અને આરોપી તર્ફે વિ.વ.શ્રી**

**ગુનોઃ– જી.પી.એક્ટની કલમ–૧૦૩,૧૧૭**

**–:ચુકાદો:–**

૧. ફરિયાદી પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ અડચણરૂપ રીતે લારી/વસ્તુઓ રાખેલ હોવાનો આ ફરિયાદ મુજબનો આક્ષેપ છે.

૨. જે અન્વયે આરોપીએ સ્વૈચ્છાએ ગુનાની કબુલાત કરેલી છે.

૩. આરોપી ગુનો કબુલ કરતા હોઈ આરોપીની આર્થીક તેમજ સામાજીક સ્થીતી તથા સદર આરોપીએ કરેલ ગુના અને તે ગુનામાં કરવામાં આવેલ સજાની જોગવાઈઓ વિગેરેને ધ્યાને લેતા તથા નામદાર ગુજરાત હાઈકોર્ટના સ્ટેટ ઓફ ગુજરાત વિરુધ્ધ નટવરજી ઠાકોર ૨૦૦૫(૧) જી.એલ.આર. પાના નં.૭૦૯ વાળા ચુકાદામાં જણાવ્યા મુજબ જો ખાસ સંજોગો હોય તો કાયદામાં જણાવેલ ઓછામાં ઓછી સજા કરતા પણ ઓછી સજા કોર્ટ કરી શકે જે સિધ્ધાંતને ધ્યાને રાખીને ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–:આખરી હુકમ:–**

આ કામના આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૨ અન્વયે આરોપીને તકસીરવાન ઠરાવી જી.પી.એક્ટની કલમ–૧૦૩,૧૧૭ મુજબના ગુનામાં કસુરવાર ઠરાવી રૂ.૫૦/–(અંકે રૂપિયા પચાસ) પુરા નો દંડ નો હુકમ કરવામાં આવે છે અને જો આરોપી દંડ ન ભરે તો દિન–૨ ની સાદી કેસની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

તારીખઃ૦૯/૦૯/૨૦૨૩.
સ્થળઃઅમદાવાદ.

**( એમ.એસ.અમલાણી)**
૬ઠ્ઠા એડી.સીવીલ જજ અને
જ્યુડી.મેજી.ફ.ક.,
મીરઝાપુર, અમદાવાદ(ગ્રામ્ય)
યુઆઈડી નં.જીજે–૦૧૩૮૮